# મંદીનો દોર જારી : સેંસેક્સમાં ૫૭૨ પોઈન્ટનો મોટો ઘટાડો

## વૈશ્વિક વેચવાલી, આઈટી અને ઓટો ઈન્ડેક્સમાં ઘટાડાની અસર : મારુતિ સુઝકી તેમજ તાતા મોટર્સના શેરમાં તીવ્ર ઘટાડો નોંધાયો : સ્મોલ કેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં પણ ઘટાડો : નિફ્ટી ૧૮૨ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. મંદી યથાવત રહેતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. આજે સેંસેક્સ ૫૭૨ પોઈન્ટ ઘટીને ૩૫૩૧૨ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૧૮૨ પોઈન્ટ ઘટીને ૧૦૬૦૧ની નીચી સપાટીએ રહ્યો હતો. સેકટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. પંજાબ નેશનલ બેંક અનએ આઈડીએફસી બેંકના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૨.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૨.૨ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. મારુતિ સુઝુકી અને તાતા મોટર્સના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૬૮૪ રહી હતી જ્યારે એસએન્ડપી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૪૧૪૩ રહી હતી. રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રાખવામાં આવ્યા બાદ સેંસેક્સ ગઈકાલે બુધવારના દિવસે ૨૫૦ પોઈન્ટ ઘટીને ૩૫૮૮૪ની નીચી સપાટીએ રહ્યો હતો. બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ ૮૭ પોઈન્ટ ઘટીને ૧૦૭૮૩ની સપાટીએ રહ્યો હતો. અગાઉ કોર પરફોર્મન્સની મજબૂત સ્થિતિ વચ્ચે ૩૦મી જૂનના દિવસે પુરા થયેલા ૨૦૧૮-૧૯ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો વિકાસદર ૮.૨ ટકા દર્શાવવામાં આવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બીજા ત્રિમાસિક ગાળા જુલાઈ-સપ્ટેમ્બરમાં અર્થવ્યવસ્થાની વિકાસની ગતિ ૭.૧ ટકા થઈ ગઈ છે જે પ્રથમ ત્રિમાસિક



ગાળામાં ૮.૨ ટકા રહી હતી. વર્ષ ૨૦૧૮-૧૯ના જુલાઈ-સપ્ટેમ્બરમાં વિકાસ દર ઘટીને ૭.૧ ટકા થઈ ગયો છે જે ૮.૨ની સરખામણીમાં ખુબ ઓછો દર છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના બીજા ત્રિમાસિક ગાળામાં ઘટાડો થયો હોવા છતાં જીડીપીનો વૃદ્ધિ દર છેલ્લા નાણાકીય વર્ષની આજ અવધિની સરખામણીમાં વધારે છે. જીડીપીને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર હાલમાં ચાલી રહ્યો છે. સ્ટેટ બેન્કના રિપોર્ટમાં વિકાસ દર ૭.૫ થી લઈને ૭.૬ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. ક્રુડ ઓઈલની કિંમતો, કુદરતી ગેસ અને યુરીયાના ઉત્પાદનમાં ઘટાડાથી આઠ મૂળભૂત ક્ષેત્રોના ઉદ્યોગનો દોર ઓકટોબરમાં ૪.૮ ટકા રહ્યો છે. કોર સેકટર કોલસા, ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઈનરી, યુરિયા, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીના ક્ષેત્રમાં દર વર્ષ પહેલા ઓકટોબરમાં પાંચ ટકા હતો.રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ ગઈકાલે જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ ચાવીરુપ રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. રિવર્સ રેપોરેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. એસએલઆરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંકનું કહેવું છે કે, એસએલઆરમાં ૧૮ ટકાની સપાટી સુધી ન પહોંચે ત્યાં સુધી તેમાં દર ત્રિમાસિક ગાળામાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરાશે. જીડીપી ગ્રોથનો અંદાજ પણ ૭.૪ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે જ્યારે ૨૦૧૯-૨૦માં પ્રથમ છ મહિનાના ગાળા દરમિયાન જીડીપી ગ્રોથ ૭.૫ ટકા રાખવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની આ પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા હતા. હવે આગામી બેઠક સાતમી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે યોજાશે. ઓગસ્ટ મહિનામાં રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે. આ જાહેરાતની સાથે અમે વારંવાર રિવર્સ રેપોરેટ, રેપોરેટ, સીઆરઆર, એસએલઆર જેવા શબ્દો સાંભળીએ છીએ. બેંકોને પોતાના દરરોજના કામકાજ માટે એવી મોટી રકમની જરૂર હોય છે જેની અવધિ એક દિવસથી વધારેની હોતી નથી. આના માટે બેંક સામાન્યરીતે રિઝર્વ બેંકથી એક દિવસ માટે ઓવરનાઈટ લોન મેળવે છે. આ લોન ઉપર રિઝર્વ બેંકને તેમને વ્યાજ ચુકવવાની જરૂર હોય છે.

પેટ્રોલની કિંમતમાં ૩૯-૪૨ પૈસાનો ઘટાડો થયો

# એક દિનના બ્રેક બાદ પેટ્રોલ, ડીઝલની કિંમતમાં ફરી કાપ

## ડીઝલની કિંમતમાં ૪૨-૪૬ પૈસા સુધીનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી,તા.૬

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત ૧૩ દિવસ સુધી ઘટાડો કરવામાં આવ્યા બાદ બુધવારના દિવસે તેલની કિંમતોને યથાવત રાખવામાં આવ્યા બાદ આજે ગુરૂવારના દિવસે ફરી એકવાર કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં ૩૯-૪૨ પૈસા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જ્યારે ડીઝલની કિંમતમાં દેશના મોટા શહેરોમં ૪૨-૪૬ પૈસા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આજે ગુરૂવારના દિવસે પણ આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો જારી રહ્યો હતો. છેલ્લા એક મહિનામાં દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૬.૫૪ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૬.૪૩થી વધુનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. સતત ઘટાડાના કારણે એકબાજુ ડીઝલની કિંમત હવે ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી છે. આવી જ રીતે પેટ્રોલની કિંમતમાં આઠ મહિનાની નીચી સપાટી જોવા મળી રહી છે. ઓક્ટોબર મહિનામાં સૌથી ઉંચી સપાટી પર પહોંચી ગયા બાદથી તેમાં ૩૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. છેલ્લા ૪૩ દિવસના ગાળામાં જ ક્રુડ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. તેલ કિંમતોમાં ઘટાડાના પરિણામ સ્વરુપે વાહન ચાલકોને સતત રાહત મળી રહી છે. દેશભરમાં નવેમ્બર મહિનામાં હજુ સુધી પેટ્રોલની કિંમતમાં પાંચ રૂપિયાથી વધારે અને ડીઝલની કિંમતમાં ૪.૩૦થી વધુનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. છેલ્લા એક મહિનાના ગાળામાં પેટ્રોલની કિંમતમાં આઠ અને ડીઝલની કિંમતમાં છ રૂપિયાથી વધુનો ઘટાડો થયો છે. ૧૭મી ઓક્ટોબર બાદથી પેટ્રોલમાં આઠ રૂપિયાથી વધુનો ઘટાડો નોંધાયો છે. અમેરિકા અને ચીન વચ્ચે સ્થિતી હવે હળવી થઈ રહી છે. તેલ કિંમતોમાં હજુ વધ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.આજના કાપ બાદ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં નોન બ્રાન્ડેડ પેટ્રોલની કિંમત ૪૦ પૈસા ઘટીને ૭૧.૩૨ની સપાટી પર પહોંચી ગઈ હતી. દિલ્હીમાં ડીઝલની કિંમત ૪૩ પૈસા ઘટીને ૬૫.૯૬ની સપાટી પર રહી હતી. મુંબઈમાં પેટ્રોલની કિંમતઆજે ૮૬.૯૦ની સપાટી પર રહ્યો હતો. ચેન્નાઈ અને કોલકત્તા જેવા અન્ય મોટા શહેરમાં પણ કિંમતોમાં ઘટાડો થયો હતો. તેલ કિંમતોમાં હાલના ઘટાડાના કારણે સામાન્ય લોકોને રાહત થઈ છે.

# હવે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે ફક્ત સહી જ કરવાની રહેશે...!!!

ન્યુ દિલ્હી,તા.૬

આપણે ઘણીવાર જોતા હોઈએ છીએ કે લોકોએ દર વર્ષે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે માથાકૂટ કરવી પડતી હોય છે. પરંતુ હવે મોદી સરકાર તમારી આ પરેશાનીને દૂર કરવા અંગે વિચારી રહી છે. સરકારની નવી યોજના હેઠળ ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે હવે તમારે ફક્ત સહી કરવાની જરૂર પડશે. બાકી કામ ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટ કરશે. આ જાણકારી પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT)ના ટેરમેન સુશીલ ચંદ્રાએ આપી છે. તેમણે જણાવ્યું કે ટેક્સ રિટર્ન કરનારા લોકોને ટૂંક સમયમાં ભરેલા ઈનકમ ટેક્સ રિટર્ન ફોર્મ મળશે. તેનાથી ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલની પ્રક્રિયા સરળ બની જશે. ઈનકમ ટેક્સ વિભાગ એમ્પ્લોયર કે કોઈ અન્ય સંસ્થા દ્વારા કાપવામાં આવેલા ટીડીએસના આધારે પહેલાથી જ ભરેલા ફોર્મની પ્રણાલી તૈયાર કરી રહ્યું છે. ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરનારા કરદાતાને લાગે કે પહેલાથી જ ભરેલા ફોર્મમાં કેટલાંક ફેરફાર કરવાની જરૂર છે તો એડિટનું ઓપ્શન મળશે અને તે બદલાવ સાથે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરી શકે છે. તે ખર્ચ અને આવક પર આધારિત હશે. સુશીલ ચંદ્રાએ જણાવ્યા અનુસાર, આ વ્યવસ્થાથી એવા લોકો ઈનકમ ટેક્સ ભરવા માટે પ્રેરિત થશે, જે તેની મુશ્કેલ પ્રક્રિયાથી કંટાળીને રિટર્ન નથી ભરતાં. ઈનકમ ટેક્સ વિભાગની આ કોશિશ ટેક્સ પેયર્સને સરળ પ્રક્રિયા ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ છે. સુશીલ ચંદ્રાએ જણાવ્યું કે અમે રિટર્ન ફોર્મને પ્રોસેસ કરવાનું કામ ઝડપથી કરવા માંગીએ છીએ. તેમાં આશરે એક વર્ષનો સમય લાગશે. તેવામાં તમને પહેલાથી જ ભરેલુ ફોર્મ મળશે અને તમે જણાવી શકશો કે ફોર્મ યોગ્ય રીતે ભરેલું છે કે નહી. તમારા અભિપ્રાય બાદ અમે તેનો સ્વીકાર કરીશું.

ઈન્ટરમીડિયેટ-રેન્જ ન્યૂક્લિયર ફોર્સિસ ટ્રીટને લઈ રશિયા-અમેરિકા આમને-સામને

# અમેરિકા પ્રતિબંધિત મિસાઈલોને વિકસિત કરશે તો રશિયા પણ કરશેઃ પુતિનની ચેતવણી

મૉસ્કો/વૉશિંગ્ટન,તા.૬

ઈન્ટરમીડિયેટ-રેન્જ ન્યૂક્લિયર ફોર્સિસ ટ્રીટીને લઈને રશિયા અને અમેરિકા આમને-સામને આવી ગયા છે. અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પર રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને આલોચના કરી છે. પુતિને કહ્યું કે, અમેરિકા પ્રતિબંધિત મિસાઈલોને વિકસિત કરે છે તો રશિયા પણ કરશે. આ પહેલા અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ નાટોની એક બેઠકમાં જાહેરાત કરી હતી કે, રશિયાની છેતરપિંડીના કારણે અમેરિકા ૬૦ દિવસોમાં ૈંદ્ગહ્લ (ઈન્ટરમીડિયેટ-રેન્જ ન્યૂક્લિયર ફોર્સિસ ટ્રીટી) હેઠળ પોતાના દાયિત્વને છોડી દેશે.

પોમ્પિયોના આઈએનએફ અંગેના નિવેદન બાદ પુતિને કહ્યું કે, અમેરિકન સહયોગીઓનું માનવું છે કે સ્થિતિ બદલાઈ ગઈ છે અને અમેરિકાની પાસે આ પ્રકારના હથિયાર હોવા જોઈએ. અમારી પ્રતિક્રિયા શું હશે? અત્યંત સરળ, આ મામલે અમે એ જ કરીશું જે તમે કરશો. અમેરિકાએ એવો દાવો કર્યો હતો કે, મોસ્કો કોલ્ડ વૉર દરમિયાનના મહત્વના પરમાણુ હથિયાર સંધિનું ઉલ્લંઘન કરી રહ્યું છે. રશિયાએ આ તમામ દાવાઓ નકાર્યા હતા.

પોમ્પિયો પહેલાં અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, રશિયાએ ઓછા અંતરની એક નવી મિસાઈલ બનાવીને આ સંધિનું ઉલ્લંઘન કર્યુ છે, આ માટે અમેરિકા આ સમજૂતીને માન્ય નહીં રાખે.

# એડિલેડ ટેસ્ટ : પ્રથમ દિવસે ભારતના ૯ વિકેટે ૨૫૦

## એક વખતે ૧૨૭ રનમાં ૬ વિકેટો ભારતે ગુમાવી પરન્તુ પુજારાએ મક્કમ બેટિંગ કરી ૧૨૩ રન કર્યા : મેચ રોચક



(SS)એડિલેડ,તા. ૬

એડિલેડ ઓવલ ખાતે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતીય ટીમનો આજે જોરદાર ધબડકો થયો હતો. જો કે, ચેતેશ્વર પુજારાએ બાજી સંભાળી લઈને ટીમ ઈન્ડિયાની લાજ રાખી હતી. એક વખતે ભારતીય ટીમને ૧૨૭ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. આજે રમત બંધ રહી ત્યારે પુછડિયા બેટ્સમેનોના યોગદાનને લઈને ટીમ ઈન્ડિયાએ નવ વિકેટે ૨૫૦ રન કર્યા હતા. પુજારા ૧૨૩ રન કરીને આઉટ થયો હત. ૭૦ વર્ષના લાંબા ગાળા બાદ ભારતીય ટીમ પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતવાના ઈરાદાથી મેદાનમાં ઉતરી છે પરંતુ આજે પ્રથમ દિવસે જ ટીમનો ધબડકો થયો હતો. ઓસ્ટ્રેલિયાની

### સ્કોરબોર્ડ : એડિલેડ ટેસ્ટ

ભારત પ્રથમ દાવ :

| | | |
|---|---|---|
| રાહુલ | કો. ફિન્ચ બો. હેઝલવુડ | ૦૨ |
| વિજય | કો. પેની બો. સ્ટાર્ક | ૧૧ |
| પુજારા | રનઆઉટ | ૧૨૩ |
| કોહલી | કો. ખ્વાજા બો. કમિન્સ | ૦૩ |
| રહાણે | કો. હેન્ડ્સકોંબ બો. હેઝલવુડ | ૧૩ |
| રોહિત શર્મા | કો. હેરિસ બો. લિયોન | ૩૭ |
| પંત | કો. પેની બો. લિયોન | ૨૫ |
| અશ્વિન | કો. હેન્ડ્સકોંબ બો. કમિન્સ | ૨૫ |
| ઈશાંત | બો. સ્ટાર્ક | ૦૪ |
| સામી | અણનમ | ૦૬ |
| વધારાના | | ૦૧ |
| કુલ | (૮૭.૫ ઓવરમાં ૯ વિકેટે) | ૨૫૦ |

ટીમને તેની જમીન પર હરાવવા માટેની બાબત તો સારી સારી ટીમો પણ સરળ રહી નથી.

આંકડાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૦ બાદથી ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરનાર ટીમોની હાલત કફોડી રહી છે. ભારતની વાત કરવામાં આવે તો ભારતે વર્ષ ૨૦૦૦ બાદથી ૧૭ ટેસ્ટ મેચ રમી છે. જે પૈકી ભારતને માત્ર બે ટેસ્ટ મેચ જીતવામાં સફળતા મળી છે. જ્યારે તેની ૧૦ ટેસ્ટમાં હાર થઈ છે. પાંચ ટેસ્ટ ડ્રો રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫થી હજુ સુધી ભારતે ૪૬ પૈકી ૨૬ ટેસ્ટ મેચો જીતી છે. આ ગાળા દરમિયાન ભારતીય ટીમ ટેસ્ટમાં પહેલા નંબર પર પહોંચી ગઈ છે. સ્થાનિક મેદાનમાં શાનદાર દેખાવની સાથે સાથે ભારતે કેટલાક નવા રેકોર્ડ સર્જી દીધી છે. છેલ્લા ૧૫ ટેસ્ટ મેચો પૈકી ભારતે ૧૧ ટેસ્ટ મેચમાં જીત હાંસલ કરી છે. ટેસ્ટ શ્રેણી આ વખતે પણ ભારત માટે પડકારરુપ છે. છેલ્લી ટેસ્ટ મેચોના ભારતના ફોર્મને જોતા ચાહકો અપેક્ષા રાખી રહ્યા છે કે, ટીમ આ વખતે ઓસ્ટ્રેલિયાને પરાજિત કરવામાં સફળ રહેશે. સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નર જેવા બે મુખ્ય ખેલાડી ટીમમાં નથી.

# આઈપીએલ-૨૦૧૯: યુવીએ ઘટાડી પોતાની બેસ પ્રાઈઝ

ન્યુ દિલ્હી,તા.૬

આઈપીએલની ૧૨મી સીઝન માટે ૧૮ ડિસેમ્બરે જયપુરમાં ખેલાડીઓની હરાજી થવાની છે. આ નવી સીઝનમાં તમામ આઠ ફ્રેન્ચાઈઝી ૭૦ ખેલાડીઓ માટે બોલી લગાવશે. જોકે સીઝન ૧૨ માટે કુલ ૧૦૦૩ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.



તેની સાથે જ આસીઝન માટે અનેક ખેલાડીઓએ પોતાની બેસ પ્રાઈઝમાં ફેરફાર કર્યો છે. નવી સીઝનની હરાજીમાં અનેક ખેલાડી એવા પણ છે જેણે પોતાની બેસ પ્રાઈઝમાં ભારે ઘટડો કર્યો છે. આ યાદીમાં ભારતના વિસ્ફોટક બેટ્સમેન યુવરાજ સિંહનું નામ પણ સામેલ છે. યુવરાજ સિંહએ સીઝન-૧૨ની હરાજી માટે પોતાની બેસ પ્રાઈઝ બે કરોડ રૂપિયાથી ઘટાડીને ૧ કરોડ રૂપિયા કરી છે. આઈપીએલ સીઝન-૧૨ માટે ભારતથ પૂર્વોત્તર રાજ્યો, ઉત્તરાખંડ અને બિહારના ક્રિકેટરો સહિત ૨૩૨ વિદેશી ખેલાડીઓએ હરાજી માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રજિસ્ટર ખેલાડીઓમાંથી ૮૦૦એ અત્યાર સુધી એકપણ ઈન્ટરનેશનલ મેચ રમ્યા નથી જેમાંથી ૭૪૬ ભારતીય ખેલાડીઓ સામેલ છે. વિદેશીઓમાં ઓસ્ટ્રેલિયાના ૩૫ જ્યારે અફઘાનિસ્તાનના ૨૭ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. સૌથી વધારે સાઉથ આફ્રીકાના ૫૯ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. અમેરિકા, હોંગકોંગ અને આયરલેન્ડના એક એક ખેલાડીઓના નામ આ યાદીમાં સામેલ છે.



સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ ફિલ્મમાં ચમકશે

# બોલિવુડમાં ચંકી પાન્ડેની પુત્રી અનન્યાની હવે ચર્ચા

## બોલિવુડમાં લાંબી ઈનિંગ્સ રમવા માટે અનન્યા સુસજ્જ

મુંબઈ,તા.૬

આગ હી આગ, તેજાબ અને પાપ કી દુનિયા સહિતની અનેક ફિલ્મોમાં વિતેલા વર્ષોમાં કામ કરી ચુકેલા ચંકી પાન્ડેની પુત્રી અનન્યા પાન્ડેની ચર્ચા હવે બોલિવુડમાં જોવા મળી રહી છે. તે કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ દ યર-૨ ફિલ્મમાં નજરે પડશે. કરણ જોહર હવે તેમની સુપરહિટ ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ બનાવવા જઈ રહ્યા છે. આ ફિલ્મની તૈયારી કરી લેવામાં આવી છે. આ ફિલ્મમાં કોને કોને લેવામાં આવનાર છે તેના નામ પર હવે નિર્ણય કરવામાં આવ્યો છે. એકબાજુ ફિલ્મમાં સારા અલી ખાન, જાન્વી કપુર અને દિશા પાટનીના નામ પર અભિનેત્રીને લઈને ચર્ચા ચાલી હતી. જો કે હવે ચંકી પાન્ડેની પુત્રીને લેવામાં આવી છે. તેની સાથે તારાને પણ લેવામાં આવી છે. બીજી બાજુ ફિલ્મમાં અભિનેતા તરી-કે કોણ રહેશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા જેકી શ્રોફના પુત્રની પસંદગી કરવામાં આવી છે. ચંકી પાન્ડેની પુત્રી અનન્યાને કેટલીક અન્ય ફિલ્મ પણ હાથ લાગી રહી છે. થોડાક સમય પહેલા એવા હેવાલ પણ આવ્યા હતા કે સલમાન ખાન દ્વારા ચન્કી પાન્ડેની પુત્રીને લોંચ કરવામાં આવનાર છે.

પોતાના ગ્રેજુએશનને પૂર્ણ કરવામાં આવ્યા બાદ તે હવે એક્ટિંગના ક્ષેત્રમાં ધ્યાન આપી રહી છે. ડાન્સિંગ ક્લાસ પણ કરી રહી છે. બોલિવુડના સેલિબ્રીટી ફિટનેસ ટ્રેનર યાસ્મીન કરાચીવાલા હેઠળ તે તમામ પ્રકારની ટ્રેનિંગ લઈ રહી છે. અન્ય સ્ટાર બાળકો પણ એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. જેમાં સારા અલી ખાન, કરણ જોહરની સિક્વલ ફિલ્મને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી. પ્રથમ ફિલ્મમાં આલિયા ભટ્ટ, સિદ્ધાર્થ મલહોત્રા અને વરૂણ ધવનની જોડી ચમકી હતી.

પ્રથમ ફિલ્મ કેદારનાથ શુક્રવારના દિવસે રજૂ

# સારા સાવધાનીપૂર્વક ફિલ્મો સાઈન કરવા માટે ઈચ્છુક છે

## નવી સ્ટારના અનેક ફોટો મિડિયામાં પ્રકાશિત થઈ ગયા



મુંબઈ,તા. ૬

બોલિવુડમાં હવે એન્ટ્રી કરવા જઈ રહેલી સારા ખાન આવતાની સાથે જ આડેધડ ફિલ્મો સાઈન કરવા માટે ઈચ્છુક નથી. તે સાવધાની સાથે કેરિયરને આગળ વધારી દેવા માટે ઈચ્છુક છે. પ્રથમ ફિલ્મ કેદારનાથ રજૂ કરવામાં આવ્યા બાદ હવે તેની ફિલ્મ રજૂ કરવામાં આવશે. તેની પ્રથમ ફિલ્મ કેદારનાથ આવતીકાલે સાતમી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. કેદારનાથ રજૂ થયા બાદ જ તે વધારે ફિલ્મ કરશે. તેની પાસે રોહિત શેટ્ટીની સિમ્બા પણ આવી છે. સારા અલી ખાન તેની પ્રથમ ફિલ્મ કેદારનાથ રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી બીજી ફિલ્મો સ્વીકારનાર નથી. તેની પાસે ફિલ્મોની ઓફર આવી રહી છે. તેની પાસે રોહિત શેટ્ટીની ફિલ્મ સિમ્બાની ઓફર પણ આવી હોવાના હેવાલ મળ્યા છે. આ ફિલ્મને લઈને બોલિવુડના તમામ લોકો રાહ જોઈ રહ્યા છે. સારા પાસેથી જોરદાર એન્ટ્રીની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ ફિલ્મમાં તેની સાથે સુશાંત સિંહ રાજપુત કામ કરી રહ્યો છે. હાલમાં સારા અલી ખાન મુંબઈના એક લોકપ્રિય સલુનમાંથી બહાર નિકળતા કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સારાએ પોતાના ચહેરાને ઢાકવાના તમામ પ્રયાસ કર્યા હતા. પોતાની પ્રથમ ફિલ્મ અંગે તમામ પ્રકારની માહિતી હાલમા જાહેર કરવામાં આવી રહી નથી. સુશાંત બોલિવુડમાં ગળા કાપ સ્પર્ધા હોવા છતાં પોતાની લોકપ્રિયતાને ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. તે કેટલીક સારી ફિલ્મો કરી ચુક્યો છે.